વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે નવી જગ્યાઓ ઉભી કરવા બાબત.

નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭, રકમ રૂ. ૦. ૦૪ કરોડ

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2025/2971/A Section
સચિવાલય, ગાંધીનગર
તા: e-sign મુજબ

<u>વંચાણે લીધા</u>:-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૦૭/૦૩/૨૦૨૬નો પત્રાંક: DDCW/NWI/e-file/225/2026/1114/M-Branch-Admin-Store-R

<u>આમુખ</u>:

સરકારશ્રી દ્વારા રાજ્યના લઘુમતી સમુદાયના સામાજિક, આર્થિક, શૈક્ષણિક તેમજ સર્વાંગી વિકાસ માટે ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગર કાર્યરત છે. નિગમની કામગીરીને અનુલક્ષીને મહેકમની જરૂરિયાત હોવાથી અને અરજદારોને પણ સરળતાથી અને અસરકારક રીતે સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ મળી રહે તે હેતુસર ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે નવી જગ્યાઓ ઉભી કરવાની નવી બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદર નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

પુખ્ત વિચારણાને અંતે, વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગર ખાતે ૦૨ જુનિયર ક્લાર્ક (વર્ગ-3) (ROP – 2016, પે મેટ્રીક્ષ લેવલ નં. ૨) અને ૦૧ સમાજ કલ્યાણ નિરીક્ષક (વર્ગ-3) (ROP – 2016, પે મેટ્રીક્ષ લેવલ નં. ૬) એમ કુલ ૦૩ નવી જગ્યાઓ ઉભી કરવા રૂ. ૦.૦૪ કરોડની વર્ષ ૨૦૨૬-૨૭ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:

1. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.
2. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
3. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
4. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
5. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

6. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.
7. અંદાજ સમિતિની ભલામણ અનુસાર રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઇ નવી સેવા અથવા સેવાના નવા સાધન માટે અંદાજપત્રમાં માંગણી મંજૂર કરવામાં આવી હોય અને એ બાબતે બે વર્ષ સુધી કોઇ ખર્ચ કરવામાં આવ્યુ ન હોય, તો પછી વિધાનમંડળની મંજૂરી રદ્દ થઇ ગયેલ સમજવી. ત્યારબાદ જો તે બાબત પર ખર્ચ કરવાનુ આવશ્યક બને તો નવેસરથી વિધાનમંડળની મંજૂરી મેળવવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર- ૯૨, સેકટર -ખ સામાજીક સેવાઓ, સબ સેક્ટર -ગ અનુ.જાતિ/ જનજાતિઓ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર -૨૨૨૫ અનુ.જાતિ/ અનુ. આદિજાતિઓ અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, ગૌણ સદર ૧૯૦ – જાહેર ક્ષેત્રોને નાણાકીય સહાય, પેટા સદર શૈક્ષણિક BCK ૧૦૮ સામાજિક (૦૧) નિગમ અને અન્ય વર્ગો - હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ની જોગવાઇઓમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રીના પરામર્શમાં સક્ષમ કક્ષાએ તા:૨૫/૦૩/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સમીર ગરાસિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**નકલ રવાના: (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)**

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
-મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, ગાંધીનગર (મારફત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ)
-સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...
-સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-સિલેક્ટ ફાઇલ - ૨૦૨૬

Signature Not Verified
Signed by: Samir Garasia
Section Officer
Date:2026.04.01
15:42:54 +5:30